# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૨૭/૦૯/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૩૫૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૪૫ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૬ બિયર ટીન, ૦૨ રિક્ષા અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૩૫૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી –** **સમાચાર યાદી નં. ૧૩૫૭/૨૦૨૫**

**ક્રાઈમ બ્રાન્ચઃ** પ્રમીતભાઈ મહેશભાઈ શાહ (ઉ.વ.૫૧)(રહે.પાર્થ એપાર્ટમેન્ટ શ્રેયશક્રોસીંગ પાસે પ્લોટ નંબર–૪ શકિત સોસાયટીની અંદર પાલડી) એ તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૦/૨૦૨૪ થી તા.૩૦/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી “સાક્ષી સ્ટાઈલ ક્રિએશન” ના માલીક (૧) અજયકુમાર રસ્તોગી (રહે.અભિનંદન સીએચએસ લીમીટેડ સી.એસ.રોડ સેવનગર બસ સ્ટોપ પાછળ, દહીસર ઈસ્ટ–મુંબઈ) અને “સાક્ષી સ્ટાઈલ ક્રિએશન” ફર્મના કર્તા–હર્તા (૨) ક્રિષ્ના ઓમ ગુપ્તા (રહે.પાંચમો માળ, દુર્ગા ચેમ્બર પ્રીમાઈસીસ સીએચએસ લિ.ઓફ લીંક રોડ યશરાજ સ્ટુડીયો વીરા દેસાઈ રોડ અંધેરી વેસ્ટ–મુંબઈ) એ ભેગા મળી સારંગપુર ઘંટાકર્ણ મહાવીર કલોથ માર્કેટ થર્ડ ફલોર દુકાન નંબર–સી/૩૨૬ ખાતે આવેલ પ્રમીતભાઈ શાહના “પ્રેમકલ્પ એજન્સીસ” નામના ફર્મમાંથી કુલ રૂપિયા ૪,૧૫,૧૮,૨૨૫/– મતાનો જથ્થાબંધ શર્ટીંગ કાપડનો માલ ઉધારીમાં ખરીદ કરી, તે માલનુ પેમેન્ટ ૨૦ દિવસમાં ચુકવી દેવાની ખાતરી આપી, વાયદા મુજબ માલનું પેમેન્ટ નહી આપી, ટુકડે–ટુકડે રૂપિયા ૨૫,૫૦,૦૦૦/– ચુકવી આપી, બાકી લેણા રૂપિયા ૩,૮૯,૬૮,૨૨૫/– આજદીન સુધી પ્રમીતભાઈ શાહને નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઈ.શ્રી એસ.એ.દેસાઈ ચલાવે છે.

**અપમૃત્યુઃ–** **સમાચાર યાદી નં. ૧૩૫૮/૨૦૨૫**

**મણીનગરઃ** (૧) મણીનગર જયહિદ ચાર રસ્તા “સુનિતા સ્કાય હાઈટ કન્ટ્રકશન” નામની સાઈટ ઉપર કામ કરતા અને ત્યાં જ રહેતા અમરતલાલ સુખલાલ ડામોર (ઉ.વ.૩૬) નાઓ તા.૨૪/૦૯/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સુનિતા સ્કાય કન્ટ્રકશન સાઈટ ખાતે અમરતલાલ ડામોર નીચેથી ઘાબા ઉપર લોખંડના સળીયા આપવાનુ કામકાજ કરતા હતા ત્યારે અચાનક ઘાબા ઉપરથી લોખંડનો સળીયો નીચેની તરફ પડતા અમરતલાલ ડામોરના માથાના ભાગે વાગતા ગંભીર ઈજા થતા સારવાર અર્થે તેમને ચાંદખેડા એસ.એમ.એસ. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૯/૨૦૨૫ કલાક ૧/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.આર.પરમાર ચલાવે છે.

**મણીનગરઃ** (૨) વટવા જશોદાનગરનો ટેકરો ખાતે રહેતા રામાભાઈ મંગળાભાઈ ડામોર (મુળ વતન. ગામ– મુંડવાડા તા.ખેરવાડા જી.ઉદયપુર રાજસ્થાન) તા.૨૬/૦૯/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે મણીનગર મીરા ચાર રસ્તા પાસે આવેલ મીરા બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે રાજદીપ સોસાયટી મકાન નંબર બી/૪ ખાતે મકાનની ઓસરીમાં છતનું પ્લાસ્ટર કરતા હતા ત્યારે મકાનની છત તુટી પડતા રામાભાઈ ડામોરને માથામા ગંભીર ઈજા થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.ટાંક ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર ચાદી નં. ૧૩૫૯/૨૦૨૫**

**શાહપુરઃ** મેહુલભાઇ ઇન્દુપ્રસાદ દાતણીયા (ઉ.વ.૫૩)(રહે.ભોઇવાડા ગોડીજી એપાર્ટમેન્ટ સામે, આર.સી.હાઇસ્કુલ પાસે શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૫ રાતના ૯/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમા પોતાની જાતે એસીડ પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.જોટાણા ચલાવે છે.

**સરદારનગરઃ** જાનકીબહેન રમેશભાઇ ઠાકોર (ઉ.વ.૧૯)(રહે.જોગણી માતાના મંદીર પાસે, ઇન્દીરાનગર આઇ.ટી.આઇ પાસે, નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એમ.ડી.ચંપાવત ચલાવે છે.

**અમરાઈવાડીઃ** સુધાબહેન વા/ઓ અખિલેશ ગુપ્તા (ઉ.વ.૩૨)(રહે.હિમ્મતલાલની ચાલી ગુલાબનગર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

**ઇસનપુરઃ** શીલ્પી વા/ઓ સાગર શ્યામબિહારી ચૌધરી (ઉ.વ.૨૧)(રહે.સત્તાધાર સોસાયટી, વિશાલનગર પાછળ, ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૫ બપોરના ૩/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લોખંડના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રતાપસિંહ ફતેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી